Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :51• Date : 10-04-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

# અમદાવાદ શહેરમાં ૧૧૦૦ માલધારી પરિવારોને પોતાનાં ઘરનો માલિકી હક્ક મળશે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં આવેલી રબારી વસાહતોના માલધારી કબજેદારોને જમીન પર રાહત દરે કાયમી ધોરણે માલિકી હક્ક આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ ઐતિહાસિક નિર્ણયથી અમદાવાદના આશરે ૧૧૦૦ માલધારી પરિવારોને પોતાનાં ઘરનો માલિકી હક્ક મળશે.

આ નિર્ણય સંદર્ભે રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં રબારી સમાજના વસવાટ તેમજ તેમના ઢોર માટે રાખવાની વ્યવસ્થા થઈ શકે તેવા શુભ આશયથી રાજ્ય સરકારે વર્ષ ૧૯૬૦-૬૧માં જમીન સંપાદન કરી અમદાવાદ મહાનગરપાલિકાને સુપરત કરી હતી.

આ જમીન પર અમદાવાદ મહાનગરપાલિકાએ પ્લોટ પાડીને ઓઢવ, અમરાઈવાડી, જશોદાનગર જૂની અને જશોદાનગર નવી એમ કુલ ચાર રબારી વસાહતોમાં રહેઠાણ સાથેના મકાનો બાંધીને જે તે સમયે રબારી પરિવારોને પ્લોટની ફાળવણી કરી હતી જેમાં જશોદાનગર જૂની વસાહતમાં ૧૩૭ પ્લોટ, જશોદાનગર નવી વસાહતમાં ૪૪૦ પ્લોટ, ઓઢવ વસાહતમાં ૩૧૦ પ્લોટ અને અમરાઈવાડીમાં ૨૧૨ પ્લોટ મળીને ચારેય વસાહતોમાં આશરે કુલ ૧,૦૯૯ પ્લોટની ફાળવણી માલધારી સમાજને કરવામાં આવી હતી. આ ચારેય વસાહતનું અંદાજીત કુલ ક્ષેત્રફળ ૬,૫૭,૩૬૩ ચો.મીટર થાય છે. રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે, હાલ આ ચારેય રબારી વસાહતોમાં પ્લોટોની ફાળવણીને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આ દરમિયાન અનેકવાર માલધારી સમાજે રાજ્ય સરકાર સમક્ષ જમીન પરનો માલિકી હક્ક આપવા અંગે રજૂઆત કરી હતી. દરેક સમાજની માંગણીઓને હકારાત્મક પ્રતિભાવ આપવાના અનુક્રમને જાળવી રાખતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આજે માલધારી સમાજની વર્ષો જૂની માંગણીને પણ હકારાત્મક વાચા આપતો નિર્ણય કર્યો છે.

આ તમામ વસાહતોનાં જૂના ભાડૂઆતો અથવા હાલનાં કબજેદારોને ફાળવવામાં આવેલી જમીન પર તેઓને કાયમી માલિકી હક્ક મળે તે આશયથી અમદાવાદ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારે જમીનના બજારભાવને બદલે રાહતભાવે જમીન વેચાણથી આપવાનો નિર્ણય કર્યો છે. અગાઉ ફાળવણી કરેલી પ્લોટની જમીન માટે હવે કબજેદાર પરિવારો ૬ મહિનામાં પ્રવર્તમાન જંત્રીના ૧૫ ટકા મુજબની રકમ ભરીને જમીનનો કાયમી માલિકી હક્ક મેળવી શકશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, જમીનનો માલિકી હક્ક મેળવવા માટે મૂળ ફાળવણીદારનાં વારસદારોએ ટ્રાન્સફર ફી પેટે રૂ. ૧,૦૦૦ની રકમ **AMC**ને ભરવાની રહેશે. જ્યારે, મૂળ ફાળવણીદાર સિવાયના કબજેદાર એટલે કે, વારસદાર સિવાયના કિસ્સામાં જરૂરી પૂરાવા આપી રૂ. ૨૦,૦૦૦ ટ્રાન્સફર ફીની રકમ **AMC**ને ભરવાની રહેશે. જમીન એકથી વધુ વાર તબદીલ થઈ હોય, તેવા કિસ્સામાં વધારાની ટ્રાન્સફર ફીની રકમ અલગથી ભરવાની રહેશે નહિ. આ ઉપરાંત હાલનાં પ્લોટ પર કાયમી માલિકી હક્ક મેળવવા માટે તેમણે અમદાવાદ મહાનગરપાલિકાની બાકી ભાડાની, બાકી લેણાંની અને સરકારી અથવા સ્થાનિક વેરાની બાકી રકમ પણ ભરપાઈ કરવાની રહેશે. આ તમામ નાણાં ભર્યેથી જરૂરી સ્ટેમ્પ ડ્યૂટી તથા તેના આનુષાંગિક ખર્ચ વગેરે ભરી નિયત સમયમાં દસ્તાવેજ કરાવી લેવાનો રહેશે. કબજેદારો ફાળવવામાં આવેલી જમીન પર મંજૂરી સિવાયનું વધારાનું બાંધકામ ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ (ગૃડા) અંતર્ગત જરૂરી પૂરાવા સાથે અરજી કરી નિયત નાણાં ભરી નિયમીત કરી શકશે. પૂરેપૂરા નાણાં ભર્યા તારીખથી દસ વર્ષ સુધી આ જમીનનો રહેણાંક સિવાય અન્ય કોઈપણ ઉપયોગ કરી શકાશે નહીં તથા અન્યને કોઈપણ રીતે વેચાણ કે તબદીલ કરી શકાશે નહી.૧૦ વર્ષની મુદત બાદ રહેણાંક સિવાય અન્ય ઉપયોગ કરવા માંગતા હોય તો પણ તેની પૂર્વ મંજૂરી મેળવી જંત્રીનાં પૂરે-પૂરા નાણાં ભરવાના રહેશે, જેમાં અગાઉ ભરેલ નાણાં મજરે મળી શકશે. જમીનનો માલિકી હક્ક મેળવવા માટે હાલનાં કબજેદારોએ મૂળ પ્લાનમાં દર્શાવ્યા મુજબના કોમન પ્લોટ, આંતરિક રોડ, ટીપી હેઠળના રસ્તા, રિઝર્વ પ્લોટ વગેરેની જગ્યા ફરજીયાતપણે ખુલ્લી કરવાની રહેશે, તેમ રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેર્યું હતું.

### *નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતું*

# CM ભૂપેન્દ્ર પટેલે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી, શ્રદ્ધાળુઓ સાથે સંવાદ કર્યો

નર્મદા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચૈત્ર મહિનામાં ચાલી રહેલી મા નર્મદાની પંચકોશી પવિત્ર પરિક્રમાના **CM Bhupuendrabhai performed Uttarvahini Narmada Parikrama** અવસરે મંગળવારે સવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે મા રેવાને પ્રાર્થના કરી હતી. તેમણે અહીં નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતું અને નર્મદા મૈયાના દર્શન કર્યા હતા. રામપુરા ઘાટ ખાતે મુખ્યમંત્રીએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય વિભાગના રાહત કેમ્પ, સખી મંડળના બહેનોના સ્ટોલ, પરિક્રમા રૂટ પર મૂકવામાં આવેલા **CCTV** કન્ટ્રોલ રૂમ વગેરેનું નિરીક્ષણ કરીને તેમણે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ભૂપેન્દ્ર પટેલે રામપુરા ઘાટ ખાતેથી શ્રી રણછોડરાયજી મંદિરે પહોંચી દર્શન કર્યા હતા તથા દેશભરમાંથી આવેલા વિવિધ પ્રાંતના પરિક્રમાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. પરિક્રમાર્થીઓ સાથે વાતચીતમાં તેમણે જણાવ્યું કે, પવિત્ર મા નર્મદાની પંચકોશી પરિક્રમા છેલ્લાં કેટલાંય વર્ષોથી અનેક શ્રદ્ધાળુઓ પગપાળા કરે છે. પરિક્રમાર્થીઓ માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓ અંગે મુખ્યમંત્રીએ પરિક્રમાર્થીઓને પૃચ્છા કરીને તેમના મંતવ્યો-સૂચનો-પ્રતિભાવો મેળવ્યા હતા. પરિક્રમાર્થીઓએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓ અંગે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.મહારાષ્ટ્રથી આવેલા પરિક્રમાર્થી ઋષિકેશ ઓઝા દ્વારા મા નર્મદાની પરિક્રમાનું મહત્ત્વ દર્શાવતું હિન્દી પુસ્તક મુખ્યમંત્રીને અર્પણ કરીને પરિક્રમાર્થીઓ માટે ઊભી કરાયેલી સુવિધાની પ્રશંસા કરી હતી. રણછોડરાયજી મંદિર ખાતે સંવાદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ શાલ અને મા નર્મદાની પ્રતિમા અર્પણ કર્યા હતા.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી રમેશ મેરજાએ મુખ્યમંત્રીને શ્રીફળ અને માતાજીની ચૂંદડી અર્પણ કરી હતી. મુખ્યમંત્રીની આ સમગ્ર મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહ તડવી, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લાના અગ્રણી નિલકુમાર રાવ, મુખ્યમંત્રીના ઓએસડી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે સહિત જિલ્લા વહીવટી તંત્રના અમલીકરણ અધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ-પરિક્રમાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## તંત્રીની કલમે.................

# સંકીર્ણ રાજનિતી

શ્રીલંકાની યાત્રાથી પાછા આવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રામનવમીના અવસરે રામેશ્વરમ દ્વીપને તમિલનાડુની મુખ્ય ભૂમિ અને રેલવે નેટવર્ક સાથે જોડનારા પંબન પુલનું ઉદ્ઘાટન રાજ્યની સાથે જ દેશને મળનારી એક ભેટ છે. પોતાની પ્રકારના આ અનોખા સમુદ્રી પુલનું નિર્માણ તમિલનાડુ માટે મોટી ઉપલબ્ધિ અને ગર્વનો વિષય છે. એ જોવું દુઃખદ રહ્યું કે આ અવસર પર તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને વડાપ્રધાન સાથે મંચ પર હાજર રહેવું જરૂરી ન માન્યું. એ ઠીક છે કે રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે તેમના એક મંત્રી હાજર હતા, પરંતુ કોઈપણ સમજી શકે છે કે તેમણે સંકીર્ણ રાજકીય કારણોસર જ આ કાર્યક્રમથી દૂર રહ્યા. આ બીજું કશું નહીં, સામાન્ય રાજકીય શિષ્ટાચારનું ઉલ્લંઘન જ છે. સ્ટાલિને માત્ર વડાપ્રધાનના કાર્યક્રમોમાં હાજર ન રહેવું જ યોગ્ય ન માન્યું, પરંતુ તેમણે આ પ્રસંગે પરિસીમનનાં રોદણાં પણ રડવાનું ચાલુ કર્યું. તેમણે પરિસીમનનો મામલો ઉઠાવીને ફરીથી એ જ સાબિત કર્યું કે તેઓ કેન્દ્ર સરકાર સાથે એક એવા વિષય પર તકરાર કરવા માટે ઉતાવળા છે, જેનો હાલમાં કોઈ મતલબ નથી બનતો.

પરિસીમનની નોબત તો ત્યારે આવશે જ્યારે જનગણના થશે. સ્ટાલિન પરિસીમનની જેમ જ ભાષાનો મુદ્દો પણ ઉઠાવતા રહ્યા છે. આ તો બિલકુલ વ્યર્થનો મુદ્દો છે, કારણ કે તેઓ નવી શિક્ષણ નીતિના જે ત્રિભાષા ફોર્મ્યૂલાનો ઉલ્લેખ કરીને એ શોર મચાવી રહ્યા છે કે હિંદી થોપવામાં આવી રહી છે, તેમાં તો હિંદીનો ક્યાંય કોઈ ઉલ્લેખ જ નથી. સ્ટાલિન જે રીતે પરિસીમન, ભાષા અને કેન્દ્ર દ્વારા તમિલનાડુની કથિત અવગણનાનો મુદ્દો ઉઠાવી રહ્યા છે, તેનાથી જો કશું સ્પષ્ટ થતું હોય તો એ જ કે તેઓ આગામી વર્ષે થનારા વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ક્ષેત્રવાદની સંકીર્ણ રાજનીતિ કરવામાં જોડાઈ ગયા છે. દેશના મોટાભાગના પ્રાદેશિક પક્ષોની એ જ સમસ્યા છે કે તે રાજકીય અને ચૂંટણી લાભ માટે ક્ષેત્રવાદને જાણીજોઈને હવા આપતા રહે છે. એવું કરીને તેઓ એવું દર્શાવી રહ્યા છે કે તેમનામાં રાષ્ટ્રીય દૃષ્ટિનો અભાવ છે. રાષ્ટ્રીય મહત્ત્વના મુદ્દાઓ પર ક્ષેત્રિય સંકીર્ણતાની રાજનીતિ કરનારા ખુદની સાથે પોતાના રાજ્યની પણ રાષ્ટ્રીય મુખ્યધારાથી અંતર વધારે છે. એ સારું થયું કે વડાપ્રધાન મોદીએ સ્ટાલિનની દુષ્પ્રચારની રાજનીતિની પોલ ખોલતાં એમ કહ્યું કે સ્ટાલિન અને તેમના સહયોગીઓ પોતાના હસ્તાક્ષર તમિલ ભાષામાં કેમ નથી કરતા, સાથે જ એમ પણ પછ્યું કે તેઓ પોતાના રાજ્યના છાત્રોને મેડિકલનું શિક્ષણ તમિલ ભાષામાં કરવાની સુવિધા કેમ નથી આપતા. એ વિચિત્ર છે કે વડાપ્રધાન તો રાષ્ટ્રની પ્રગતિમાં તમિલનાડુની ભૂમિકાનો ઉલ્લેખ કરી રહ્યા છે, પરંતુ સ્ટાલિન ક્ષેત્રવાદની રાજનીતિને ભડકાવવાનું કામ કરી રહ્યા છે.

# મારે પણ સપોર્ટની જરૂર, પણ લોકોને નથી લાગતું મને જરૂર હોય : સલમાન

મુંબઈ

સલમાનની 'સિકંદર'ની લાંબા સમયથી રાહ જોવાતી હતી અને ૩૦ તારીખે ઈદના દિવસે આખરે ફિલ્મ રિલીઝ તો થઈ, દર વખતે સલમાનની ફિલ્મનો જે જાદુ હોય છે, એટલો જાદુ આ ફિલ્મ ચલાવી શકી નહીં. ફિલ્મને વિવેચકો અને ઓડિયન્સ બધા પાસેથી મોટા ભાગે નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. છતાં સલમાન ખાન એક સુપરસ્ટાર છે અને તેનો સ્ટારપાવર નકારી શકાય તેમ તો નથી.



આ ફિલ્મે ત્રણ દિવસમાં માત્ર ૮૫ કરોડની જ કમાણી કરી તે જ દર્શાવે છે કે આ ફિલ્મથી દર્શકોની અપેક્ષાઓ પર પાણી ફરી ગયું છે. આ સલમાનની ૧૮મી ફિલ્મ છે, જે ૧૦૦ કરોડે પહોંચશે.સલમાનની ચર્ચા વચ્ચે તેના એક ઈન્ટરવ્યુનો વીડિયો વાયરલ થયો છે. જેનાથી બોલિવૂડના સિલેક્ટિવ સપોર્ટ અને જૂથબંધીની વાત ફરી ચર્ચામાં આવી છે. 'સિકંદર' વિશે સમગ્ર ઈન્ડસ્ટ્રી મૌન રહી છે, સલમાન વારંવાર તેના મિત્રોની ફિલ્મ પ્રમોટ કરતો જોવા મળે છે. ઈન્ડસ્ટ્રીના સપોર્ટ અંગે વાત કરતા સલમાને કહ્યું, ''એમને એવું લાગતું હશે કે જરૂર નહીં પડતી હોય મને. પણ, બધાને જરૂર પડે છે.''પછી સલમાને આવનારી અને તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મો વિશે પણ વાત કરી, જેમાં તેણે વધુ એક વખત આવનારી ફિલ્મો વિશે પોતાનો સહકાર દર્શાવ્યો હતો. તેણે ૧૦ એપ્રિલે રિલીઝ થનારી સન્ની દેઓલની ફિલ્મ 'જાટ'ની પણ વાત કરી હતી. તેણે મોહનલાલ અને પૃથ્વિરાજની મલિયાલમ બ્લોકબસ્ટર એલર એમ્પુરાણની પણ વાત કરી જે સિકંદરના બે જ દિવસમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ અત્યારથી જ રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. રસપ્રદ વાત એ છે કે આટલાં બોલિવૂડ સ્ટાર્સમાં માત્ર સન્ની દેઓલે જ જાહેરમાં 'સિકંદર'ને પ્રમોટ કરી હતી અને સોશિયલ મીડિયા પર આ અંગે પોસ્ટ કરી હતી. આમિર ખાન સલમાન અને મુર્ગાદોસ સાથે એક પ્રોમશનલ વીડિયોમાં જોડાયો હતો. પરંતુ આ બે અપવાદ સિવાય કોઈ જ આ ફિલ્મ વિશે એક અક્ષર બોલ્યું નથી.આ ફિલ્મનું પ્રમોશન તો ઈન્ડસ્ટ્રીમાં કોઈએ ન કર્યું પરંતુ નિષ્ણાતો અને વિવેચકોએ ટીકા જરૂર કરી છે. આ ફિલ્મ ખાસ કોઈ કમાલ કરી શકી નથી. રવિવારે 'સિકંદર' રિલીઝ થઈ હતી. પહેલાં ઈદના દિવસે ફિલ્મે ૨૯ કરોડની કમાણી કરી હતી. પણ પછી તેના પછીના દિવસોમાં તેની ગતિ બિલકુલ ઘટી ગઈ હતી. મંગળવારે આ ફિલમે લગભગ ૧૯.૫ કરોડની કમાણી કરી, બુધવારે તેનાથી પણ ઘટીને ૯.૭૫ કરોડની આવક થઈ, ગુરુવારે સૌથી ઓછી કમાણી થઈ, તેના આધારે એવું માનવામાં આવે છે કે આ ફિલ્મ અઠવાડિયામાં ૯૦ કરોડ જ કમાઈ શકશે.સલમાનના ફૅન ફોલોવિંગના કારણે તેની ફિલ્મો સુપર હિટ જ રહે છે, તેથી નિષ્ણાતો અને પ્રોડ્યુસર આ ફિલ્મ વિશે ઘણા આશાવાદી હતા.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ફિલ્મની ટીમ દ્વારા કમાણીના આંકડા જાહેર કરાયા હતા. તે મુજબ આ ફિલ્મે અત્યાર સુધીમાં ગ્લોબલી ૧૫૮.૫ કરોડની કમાણી કરી છે.

# જાતિ આધારિત વસતી ગણતરી સમાજના એક્સ-રે સમાન : રાહુલ

એજન્સી દ્વારા

નવી દિલ્હી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસતી ગણતરીની માગણી સાથે ભાજપ-આરએસએસ નેતૃત્વની ફરી એક વખત ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપ-આરએસએસ જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી રહ્યા છે પરંતુ જમીની વાસ્તવિકતાના આધારે સામાજિક ન્યાયને સુદૃઢ બનાવતી નીતિઓ ઘડવામાં કોંગ્રેસ પાછી પાની નહીં કરે. સંઘના વડા મોહન ભાગવત જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી છે, પરંતુ આ પ્રકારની વસતી ગણતરી સમાજના એક્સ રેસમાન છે. તેનાથી વસતીની સાચી સ્થિતિ જાણી શકાશે અને સર્વગ્રાહી નીતિઓ ઘડી શકાશે. પટણા ખાતે સંવિધાન બચાઓ સંમેલનમાં રાહુલ ગાંધીએ તેલંગાણામાં કોંગ્રેસના જાતિ આધારિત સર્વેની વાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેનાથી રાજ્યના રાજકીય પરિદૃશ્યને ફરી ઘડી શકાશે. તેલંગાણા જેવી જ અસર દેશના અન્ય રાજ્યોમાં પણ જોઈ શકાશે. બિહાર કોંગ્રેસના નેતૃત્વમાં પરિવર્તન અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે, અગાઉ બિહારના બે તૃતિયાંશ ડિલ્લા પ્રમુખો ઉચ્ચ જાતિના હતા. મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં અત્યારે બે તૃતિયાંશ જિલ્લા પ્રમુખો ઓબીસી, ઈબીસી, દલિત અને મહાદલિત સમાજના છે. વસતીના આંકડાના આધારે નેતૃત્વની ભૂમિકામાં ફેરફાર કરાયો છે. પક્ષના કાર્યકરોને પછાત સમાજો સાથે સંકલન વધારવાની હાકલ કરતાં રાહુલ ગાંધીએ નાગરિક લક્ષી રાજકીય અભિયાન પર ભાર મૂક્યો હતો.બિહારે દરેક વખતે પરિવર્તનની આગેવાની લીધી છે અને આ વખતે પણ બિહાર જ અગ્રીમ મોરચે રહેશે. બંધારણ અંગે વાત કરતાં રાહુલે કહ્યુ હતું કે, તેમાં દેશના પ્રાચીન મૂલ્યોનું પ્રતિબિંબ છે.

સાવરકરના વિચારોને તેમાં કોઈ સ્થાન નથી. ડો. બી. આર. આંબેડકર અને મહાત્મા ગાંધીની પ્રશંસા કરતાં રાહુલે કહ્યું હતું કે, આંબેડકરે દલિતોની પીડાને અધિકારોમાં બદલી હતી. લોકોના સંઘર્ષમાંથી બોધપાઠ લઈને મહાન નેતાઓએ તેને કાયદામાં સમાવ્યા છે. સત્ય માટેની આ લડાઆ હજુ અવિરત છે. વર્તમાન સમયમાં સાચુ બોલવાનું કઠિન છે. લોકો આ સચ્ચાઈ જાણે છે, પરંતુ ઘણાં નેતાઓ તેનો સ્વીકાર કરતાં ગભરાય છે.

### માટલાઓ ફોડ્યાં, થાળીઓ વગાડી કર્યો વિરોધ

# રાજકોટમાં પાણીકાપથી મહિલાઓમાં ભારે રોષ

રાજકોટ

ઉનાળો શરૂ થાય અને પાણીનો પોકાર ઉઠે...જોકે રાજકોટને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં આપવાની જાહેરાત સરકારે કરી છે. પરંતુ રાજકોટ મહાનગરપાલિકાના શાસકો પાણી વિતરણની વ્યવસ્થા કરવામાં ઉણાં ઉતર્યા હોઈ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ઉનાળામાં જ રાજકોટ મહાનગરપાલિકાને યાદ આવ્યું કે પ્રિ-મોન્સૂનની કામગીરી કરવી જોઈએ. જેથી પમ્પિંગ સ્ટેશનો અને પાણીના ટાંકા સાફ કરવા પડશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જોયા જાણ્યા વગર જ જાહેરાત કરી દીધી કે, મંગળવારે ૫ વોર્ડના ૧૭૬ વિસ્તારમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવશે. જેમાં વોર્ડ નં ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩માં પાણી વિતરણ કરવામાં નહિ આવે. આજે સવારે પાણી નહીં આવતા રાજકોટના વોર્ડ નં ૧૩માં આવેલા ગુરૂપ્રસાદ ચોક નજીકના આંબેડકરનગરની મહિલાઓ રણચંડી બની હતી. મહિલાઓએ માટલા ફોડી અને થાળી-વેલણ વગાડી વિરોધ કર્યો હતો. મહિલાઓએ કહ્યું હતું કે, દરરોજ પાણી વિતરણ કરવાની વાતો કરે છે પણ એકાતરા જ પાણી આવે છે. દૂષિત પાણી આવતું હોવાથી બીમારીઓ પણ વધે છે. પાણી ગરીબ વિસ્તારોમાં ન આપવામાં આવે તો અમારે રસોઈ કઈ રીતે કરવી. પાણી સંગ્રહ કરવાની અમારી પાસે સુવિધાઓ પણ ન હોઈ.રાજકોટના ૧૭૬ જેટલા અલગ અલગ વિસ્તારોમાં આજે પાણી વિતરણ કરવામાં આવ્યું નથી. જોકે રાજકોટ મહાનગરપાલિકા પ્રિમોન્સૂન કામગીરીને કારણે આજે પાણી કાપ ઝીંક્યો હોવાનું કહી બચાવ કરી રહી છે.

# અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે મિશન મંગલમ હેઠળ ચાલતી મંગલમ કેન્ટીન બહેનોની આત્મનિર્ભરતાનું જીવંત ઉદાહરણ


(તસવીર, હેવાલ :- અમદાવાદ માહિતી ખાતા દ્વારા)

અમદાવાદ

ગુજરાત સરકારના ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. (GLPC), જિલ્લા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સખી મંડળોની બહેનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી મંગલમ કેન્ટીનનો આરંભ કરવામાં આવ્યો હતો.“મિશન મંગલમાં સખી મંડળ યોજના હેઠળ શરૂ કરવામાં આવેલ આ મંગલમ કેન્ટીન આત્મનિર્ભર ભારતની દિશામાં એક પગલું છે. મંગલમ કેન્ટીન એ સખી મંડળની સાથે જોડાયેલી બહેનોની આત્મનિર્ભરતા અને પ્રગતિનું પ્રતીક છે.“મંગલમ કેન્ટીન એ સખી મંડળની બહેનો દ્વારા સંચાલિત એક અનોખી ઉદ્યમશીલતા છે, જ્યાં સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા સ્વાદિષ્ટ સ્વાસ્થ્યપ્રદ અને સ્વચ્છ ભોજનની સુવિધા આપવામાં આવે છે.““આવી જ એક મંગલમ કેન્ટીન અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની નવનિર્મિત કચેરી ખાતે શરૂ કરવામાં આવી છે. શહેર પોલીસ કમિશનરશ્રીની કચેરીએ આવતા મુલાકાતીઓ તથા સ્ટાફને શુદ્ધ અને સાત્વિક ભોજન મળી રહે, સાથે જ આત્મનિર્ભરતાના અભિયાનમાં અમદાવાદ શહેર પોલીસ સહભાગી થઈ શકે તે હેતુથી આ કેન્ટીન શરૂ કરવામાં આવી છે. શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક દ્વારા તા. ૦૨/૦૪/૨૫ના રોજ આ મંગલમ કેન્ટીનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.““અમદાવાદ કમિશ્નરશ્રીની કચેરી ખાતે કાર્યરત મંગલમ કેન્ટીનમાં વિરમગામ તાલુકાના રંગપુર ગામના ત્રિદેવ સખી મંડળ દ્વારા સ્વાદિષ્ટ, સ્વાસ્થ્યપ્રદ અને સ્વચ્છ ભોજનની સુવિધા આપવામાં આવે છે. આ કેન્ટીન સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૩૦ સુધી કાર્યરત હોય છે.““મંગલમ કેન્ટીન હેઠળના આ ત્રિદેવ સખી મંડળના આગેવાન સુશ્રી હર્ષિતાબહેનના જણાવ્યા અનુસાર મિશન મંગલમ હેઠળ સરકાર દ્વારા મળતી સહાય તેમને ખૂબ મદદરૂપ થાય છે. કુલ ૬ બહેનો મળીને અમદાવાદ કમિશ્નર કચેરી ખાતે ચાલતી મંગલમ કેન્ટીનનું સંચાલન કરે છે. તેમનું ત્રિદેવ સખી મંડળ છેલ્લાં ૩ વર્ષથી કાર્યરત છે જેમાં ૧૦ જેટલી બહેનો જોડાયેલી છે. આ બહેનો પોતાની રસોઈની આવડતના આધારે તાલુકા પંચાયતના કાર્યક્રમોમાં સહભાગી થતા હતા. હાલમાં આ સખી મંડળની બહેનો આત્મનિર્ભર બની પોતાના ઘર, કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે છે. અમદાવાદ કમિશનરશ્રીની કચેરી ખાતે કેન્ટીન માટે જગ્યા પૂરી પાડવા તથા બહેનોને આત્મનિર્ભર કરવામાં મદદરૂપ થવા બદલ આ બહેનો સરકારશ્રીનો ખૂબ આભાર માને છે.““હાલમાં મંગલમ કેન્ટીન સરકારી કચેરીઓ, યુનિવર્સિટી કોલેજ કેમ્પસ, હોસ્પિટલો અને અન્ય વિવિધ સરકારી ખાનગી સંસ્થાઓમાં કાર્યરત છે.“મંગલમ કેન્ટીનના માધ્યમથી સખી મંડળની બહેનોને રોજગારના નવા અવસરો પ્રાપ્ત થાય છે. જે તેમને ઉદ્યોગ સાહસિક બનવા માટેનો એક મજબૂત મંચ પૂરો પાડે છે. મંગલમ કેન્ટીનમાં મહિલાઓ આત્મનિર્ભર થઈ તેમના સામાજિક જીવનમાં સન્માન અને સમૃદ્ધિ મેળવે છે.

# ચીન સાથે ભળીને યુનૂસની ખંધી ચાલ

ગત શુક્રવારે બેંકોકમાં બિમ્સટેક સંમેલન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહંમદ યુનૂસ વચ્ચે મુલાકાતની પૃષ્ઠભૂમિમાં બે ઘટનાઓનો સંદર્ભ જરૂરી છે. પહેલી છે, જ્યારે ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ઉગ્ર ભીડે બંગબંધુ શેખ મુજીબુર રહેમાનનું ઘર બાળવાની કોશિશ કરી જેની તસવીરો બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તનનું પ્રતીક બની, તેની થોડી જ મિનિટ પહેલાં શેખ હસીનાએ ઢાકા છોડીને દિલ્હી ભાગવું પડ્યું હતું, અને કથિત છાત્ર ક્રાંતિ બાદ શીર્ષ પદ પર અમેરિકામાં 'પઢેલા' અર્થશાસ્ત્રીને બેસાડી દેવાયા - તેના બે મહિના બાદ, ૫ ફેબ્રુઆરીએ યુનૂસના નાક નીચે તેઓ એ ઘર સળગાવી દેવામાં સફળ રહ્યા.

બીજી ઘટના છે, ગયા અઠવાડિયે બેજિંગમાં યુનૂસ અને ચીની વ્યવસાયિકો વચ્ચે થયેલ મુલાકાત, જ્યાં તેણે ભારતના સાત પૂર્વોત્તર રાજ્યો, જેમને 'સેવન સિસ્ટર્સ' પણ કહેવાય છે, તેને લઈને કાવતરાપૂર્ણ અને વાંધાજનક ટિપ્પણી કરી હતી. યુનૂસે ચીનીઓને કહ્યું, 'ભારતનો સેવન સિસ્ટર્સ તટવિહીન ભૂભાગ છે, તેમની પાસે સમુદ્ર સુધી પહોંચવાનો કોઈ રસ્તો નથી. અમે આ સમગ્ર વિસ્તારમાં સમુદ્રના એકમાત્ર સંરક્ષક છીએ... બાંગ્લાદેશથી તમે જ્યાં ચાહો, જઈ શકો છો. સમુદ્ર જાણે અમારું પાછલું આંગણું છે. તેથી અહીં અવસરો છે, તેને ઝડપી લો.' કદાચ અમેરિકન કઠપૂતળી યુનૂસ ભોળો છે કે પછી મૂર્ખ છે! તથ્ય એ છે કે વડાપ્રધાન સાથે પોતાની બેઠકની પૂર્વસંધ્યા પર બાંગ્લાદેશના આ કઠપૂતળી નેતાની ટિપ્પણીમાં ભારતના એક સંવેદનશીલ મર્મસ્થળનો સંદર્ભ હતો - એ વિસ્તાર જે વિદ્રોહગ્રસ્ત રહ્યો છે, જ્યાં સીમા પારથી હથિયારો આવતાં રહ્યાં છે, તેમાં ૨૦૦૧-૦૬ વચ્ચે ખાલિદા ઝિયાની બીએનપી સરકાર સમયે ચાલેલી ગતિવિધિઓ, સાંપ્રદાયિક તણાવ પણ સામેલ છે, ત્યારે કૂટનીતિક દૃષ્ટિએ એવાં નિવેદન યોગ્ય ન હતાં. તેમાં ભારતની નાજુક રગ દબાવવાની કોશિશ દેખાઈ. યુનૂસને ખબર નથી કે આવા નાહકના દબાણ સામે ભારત નિષ્ઠુર શક્તિ પ્રયોગ કરી શકે છે.આ જ કારણ છે કે પોતાના નાના પડોશીઓને ભારત જ્યારે પણ અને જ્યાં પણ નાના-નાના અપરાધબોધનો અનુભવ કરાવે છે તો તેઓ ચીનની સોડમાં લપાઈ જાય છે, જ્યારે અહીં તો બાંગ્લાદેશ અને ચીન વચ્ચેનું અંતર પણ ખાસ્સું છે! તે ઉપરાંત, નાજુક મર્મસ્થળ બંને તરફ છે, જો બાંગ્લાદેશ ભારતની 'સેવન સિસ્ટર્સ'ની ઘેરાબંધી કરવાની ફિરાકમાં હોય તો તેનો ભીતરી ભાગ અસલમાં ભારતીય વિસ્તાર છે.

વિભાજનનાં વર્ષોની ગહન તપાસથી ખબર પડશે કે ૧૯૪૭માં અંતે અંગ્રેજોને લાગવા માંડ્યું કે હવે તો ભારત છોડવું જ પડશે, ત્યારે તેમણે મન બનાવ્યું કે આ ઉપમહાદ્વીપને અવિભાજિત અને સમન્વિત એકમ તરીકે છોડીને નહીં જાય. વિદેશ મંત્રી એસ. જયશંકરે સેવન સિસ્ટર્સ પર યુનૂસની ખંધાઈનો તરત જવાબ આપ્યો, એ રેખાંકિત કરતાં કે ભારત પાસે પૂર્વમાં લગભગ ૬૫૦૦ કિમી લાંબો સમુદ્રી તટ છે, બલ્કે બંગાળની ખાડીના પાંચ દેશો સાથે સીમા વહેંચાય છે અને આ ભારતીય ઉપમહાદ્વીપ અને આસિયાન દેશો વચ્ચે સંબંધોને મોકો પ્રદાન કરે છે.

નિશ્ચિતપણે ભારતની અસાધારણ શક્તિ, વિશેષ કરીને પોતાની આસપાસના વિસ્તારોમાં, તેને નકારી ન શકાય, ના ૧૯૭૧માં કે ના અત્યારે ૨૦૨૫માં. એ અલગ વાત છે કે શેખ હસીનાએ હાલનાં વર્ષોમાં પોતાના પેંતરાથી વિપક્ષીઓને રાજકારણથી ઘણી હદે દૂર રાખ્યા હતા, એ પણ એટલું જ સત્ય છે કે ભારત તેમના એવા કેટલાય ઉપાયોને અનુમોદિત નહોતા કરતા, વિશેષ રૂપે દેશની ભીતર શાંતિ સ્થાપના માટે બાંગ્લાદેશની રાજનીતિમાં બીજી મહત્ત્વની મહિલા ખાલિદા ઝિયા સાથે સંબંધ રાખવામાં તેમનો સીધો ઈનકાર. ભારતે આખરે હસીનાનું સમર્થન એટલા માટે કરવું પડ્યું, કારણ કે તેને લાગ્યું કે વિકલ્પ તો આના કરતાં ય વધારે ખરાબ છે. એ ભૂતાવળ હવે સામેથી પસાર થઈ રહી છે. બાંગ્લાદેશમાં ૫ ઓગસ્ટે થયેલ સત્તા પરિવર્તને ન માત્ર બંગબંધુનો વારસો ખતમ કરી દીધો, બલ્કે તેણે બાંગ્લાદેશમાં પાકિસ્તાનની આઈએસઆઈની નાપાક હાજરીને પણ મંજૂરી કરી લીધી - કહેવું જોઈએ તેનું સ્વાગત કર્યું. ૧૯૭૧માં ૨૬ માર્ચે મુજીબુર રહમાન દ્વારા પાકિસ્તાનથી આઝાદીની જાહેરાત કરવાના થોડા કલાકોની અંદર પાકિસ્તાની સેનાએ 'ઓપરેશન સર્ચલાઈટ' શરૂ કરી દીધું, જેમાં સેંકડો બુદ્ધિજીવીઓ, નાગરિકો અને છાત્રોની હત્યા કરી દેવાઈ હતી. આજે, પાકિસ્તાની સેનાની જાસૂસી એજન્સી આઈએસઆઈ ઢાકા, ચટગાંવ અને અન્ય જગ્યાએ પાછી ફરી છે. કાળચક્ર સંપૂર્ણ ફરી ગયું છે. ગયા વર્ષે ઢાકામાં મુખ્ય સલાહકાર રૂપે શીર્ષ પદે યુનૂસની તાજપોશીમાં અમેરિકી ગુપ્તચર એજન્સીની સંભવિત ભૂમિકા કોઈ નકારી ન શકે.

સવાલ એ છે કે હવે આગળ શું? શું યુનૂસ વહેલી ચૂંટણીની જાહેરાત કરશે અને શું બીએનપી સત્તામાં પાછી ફરશે? આજે બાંગ્લાદેશના ધૂંધળા વર્તમાનની સમજ મુખ્ય વિષય વસ્તુ છે અને યુનૂસ સહિત તમામ પક્ષોને એ યાદ રહે તો સારું. એ સારી વાત છે કે મોદી બેંકોકમાં યુનૂસ સાથે મુલાકાત કરી. જો પાકિસ્તાની ફરીથી ૧૯૭૧નો ઈતિહાસ લખવા માગે છે, અમેરિકામાં પોતાના કેટલાક જૂના યારોની સહાયતાથી કે સહાયતા વગર, તો તેમણે ચેતી જવું જોઈએ. બાંગ્લાદેશે હંમેશાં એ યાદ રાખવું જોઈએ કે ભારતને હંમેશાં બધું જ ખબર હોય છે. ચીન અને પાકિસ્તાન જેવા ભારતના શત્રુ દેશોએ બાંગ્લાદેશ પર સકંજો કસવા માંડ્યો છે અને બાંગ્લાદેશ ધીમે ધીમે ભારત વિરોધી તાકાતોની ચુંગાલમાં ફસાતું જાય છે. કઠપૂતળી મોહંમદ યુનૂસની આગેવાનીવાળું બાંગ્લાદેશ હવે ભારતને આંખો દેખાડી રહ્યું છે. ત્યાંથી ભારત વિરુદ્ધ નિવેદનો થઈ રહ્યાં છે. બાંગ્લાદેશના સત્તાધીશોને ખબર હોવી જોઈએ કે આગ સાથે રમતનો શો અંજામ આવી શકે છે.

# સુરેન્દ્રનગર હાઈવે પરની હોટેલમાંથી ૧૧ લાખથી વધુનું ગેરકાયદેસર પેટ્રોલ ઝડપાયું

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાયલા-ચોટીલા હાઈવે પર આવેલી હોટેલ પરથી ગેરકાયદે પેટ્રોલના વેચાણનો પર્દાફાશ થયો છે. સુરેન્દ્રનગરની હાઈવે પરની હોટલમાં ટાંકા બનાવીને ગેરકાયદેસર પેટ્રોલ સંગ્રહવાનું કારસ્તાન સામે આવ્યું છે. સુરેન્દ્રનગર હાઈવે પર આવેલી જય દાણા બાબા હોટલમાંથી પાકું બાંધકામ કરેલા ત્રણ ટાંકામાં પેટ્રોલનો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમી મળતા ત્યાં તપાસ કરવામાં આવી હતી.આ તપાસમાં હોટલની બહારની જગ્યામાં બનાવેલા ત્રણ ટાંકામાંથી ૧૧ લાખની કિંમતનું ૧૭૧૦૦ લીટર પેટ્રોલ જપ્ત કરાયું છે. પોલીસ સહિત ચોટીલા પ્રાંત અધિકારી તેમજ પુરવઠાની ટીમની કાર્યવાહીમાં ટેક્કર, મોટર, ડિસ્પેન્સિંગ યુનિટ, ત્રણ ટાંકા સહિત ૩૮.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તમામ મુદ્દામાલ સીઝ કરી હોટલના માલિક ગભરુભાઈ ભાંભળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચોટીલા પ્રાંત અધિકારી તેમજ પુરવઠાની ટીમ દ્વારા હાઈવે પર આવેલી હોટલમાંથી ગેરકાયદેસર જ્વલનશીલ પેટ્રોલ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. સાયલા-ચોટીલા હાઈવે પર આયા ગામના પાટિયા પાસે આવેલી જય દાણા બાબા હોટલમાંથી ગેરકાયદેસર પેટ્રોલ ઝડપી પાડવામાં આવ્યું છે. ગેરકાયદેસર પેટ્રોલ ૧૭૧૦૦ લીટર કિંમત રૂ.૧૧.૧૧ લાખ, ટેક્કર, મોટર, ડિસ્પેન્સિંગ યુનિટ, ત્રણ ટાંકા સહિત કૂલ રૂ.૩૮.૭૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ હોટલ પરિસરમાં પાકું બાંધકામ કરેલા ત્રણ ટાંકાઓમાં પેટ્રોલનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. તમામ મુદ્દામાલ સીઝ કરી હોટલના માલિક ગભરુભાઈ ભાંભળા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, હોટલ પરિસરમાં ટાંકા બનાવી પેટ્રોલનો સંગ્રહ કરી વેચાણ કરવામાં આવતું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### જમીન વેચાણ અંગે મુખ્યમંત્રીનો મોટો નિર્ણય

# અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખેડૂતો, સામાન્ય નાગરિકો અને મધ્યમવર્ગીય પરિવારો માટે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં મહેસુલી પ્રક્રિયામાં સરળીકરણ, સામાન્ય નાગરિકોની સુગમતાના અભિગમ સાથેના આ નિર્ણયોથી ઔદ્યોગિકરણ અને વ્યાપાર, ધંધા-રોજગાર તેમજ અફોર્ડેબલ હાઉસિંગની પ્રક્રિયાને વધુ વેગ મળશે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારના સફળ સુશાસનમાં સિટિઝન સેન્ટ્રિક આ નિર્ણયોથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ લોકોપયોગી બનાવી શકાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયોની ભૂમિકા આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ખેતીના હેતુ માટે ધારણ કરેલ નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનના વેચાણ, તબદીલી તથા હેતુફેર/ શરતફેરના કિસ્સાઓમાં સંબંધિત કલેક્ટર કે યથા પ્રસંગ સરકારની નક્કી કરેલ શરતોને આધીન પૂર્વમંજૂરી લેવાની પ્રથા હાલ અમલમાં છે. ઉપરાંત આવી જમીનો શરતફેર કરવાના સમયે ખેડૂતોને જરૂરી પ્રિમિયમ પણ ભરવાનું રહે છે.

મુખ્યમંત્રીએ આવા કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે. તે અનુસાર રાજ્યની મહાનગરપાલિકાઓ, શહેરી સત્તા મંડળના વિસ્તારો તથા ભાવનગર, જામનગર અને જૂનાગઢ વિસ્તાર વિકાસ મંડળ સિવાય રાજ્યમાં સમગ્ર વિસ્તારની નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.

આના પરિણામે ખેડૂતોને ખેતી તથા બિનખેતી હેતુ માટે શરતફેર કરવા માટે ભરવાપાત્ર પ્રિમિયમમાંથી મુક્તિ મળશે અને આવી જમીનો અંગે જે તે મામલતદારે જમીનને જૂની શરતમાં ફેરવવા માટે સ્વમેળે નોંધ પાડવાની રહેશે.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ ક્રાંતિકારી નિર્ણયોના કારણે ખેડૂતો અને સામાન્ય નાગરિકોને જમીનની ખરીદી, વેચાણ તબદીલી માટે શરતફેરની વહીવટી પ્રક્રિયા ખૂબ જ સરળ બનશે. બિનખેતી હેતુ માટે પ્રિમિયમને પાત્ર જમીનો ઉપર ઉદ્યોગ, ધંધા,વેપાર સ્થાપવા માટે જૂનીશરતમાં ફેરવવાની જરૂર નહીં રહેવાના કારણે ઔદ્યોગિકરણ તથા વિકાસને વેગ મળશે, રોજગારી તથા રાજ્યનો જી.ડી.પી. પણ વધશે. નાના ખેડૂતો કે જમીન ધારકોના જીવન ધોરણમાં સુધારો થશે અને જમીનધારકોને વેચાણ સમયે પૂરતું મૂલ્ય મળશે. તથા સરકારી કચેરીઓમાં પ્રિમિયમ ભરવા જવામાંથી મુક્તિ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં રાજ્યના મહેસૂલ વિભાગે બિનખેતી પ્રક્રિયામાં સરળીકરણ માટે મહેસૂલી ટાઈટલ અને કાયદેસર કબજેદારના પ્રમાણપત્રની જોગવાઈ પણ કરી છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યુ કે, વિકાસને વેગવંતો બનાવવા રાજ્ય સરકારે લોકાભિમુખ વહીવટની પરંપરાને આગળ ધપાવીને મહેસૂલી ટાઈટલ અને કાયદેસર કબજેદારનું પ્રમાણપત્ર આપવાની જે વ્યવસ્થા ઊભી કરી છે તેની મુખ્ય બાબતો આ પ્રમાણે છે –

★ સંબંધિત કલેકટરને અરજી કર્યાની તારીખથી ૩૦ દિવસમાં નિર્ણય કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

★ પ્રમાણપત્ર મેળવ્યા બાદ જો બિનખેતીની અરજી કરવામાં આવે તો ૧૦ દિવસમાં પ્રિમિયમ/દંડ/ રૂપાંતરણ/વિશેષધારો ભરવા માટે જાણ કરવામાં આવશે.

★ પ્રમાણપત્ર વિના પણ બિનખેતી અરજી કરવામાં આવે તો હાલની વ્યવસ્થા મુજબ નિર્ણય કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય એ પણ કર્યો છે કે, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈની ચકાસણીમાં તથા મૂળથી જૂની શરત/ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે બિનખેતીમાં ફેરવવાની અરજદારની અરજી આવે ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર અરજીની તારીખથી ૨૫ વર્ષ પહેલાના રેકર્ડને ધ્યાને લેવાનું રહેશે નહિ.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે એમ પણ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણની દિશા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં Eí ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને ''કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ'' અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

## રાજકોટ મનપા ફુડ વિભાગ દ્વારા ગૃહ ઉદ્યોગોમાં ચેકિંગ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકનું ફૂડ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે અને શહેરમાં વિવિધ જગ્યાઓ પર ચેકિંગ હાથ ધરી રહ્યું છે. ત્યારે શહેરમાં આવેલા નેન્સી ગૃહ ઉદ્યોગમાં ફૂડ વિભાગે ચેકિંગ હાથ ધર્યુ છે. ફૂડ વિભાગની તપાસ દરમિયાન ૧૧૦ કિલો અખાદ્ય હિંગના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. આ સિવાય હિંગ, મરચું પાઉડર, હળદર, જીરૂ, રાઈ, ધાણી, મેથી સહિતના નમૂના લેવામાં આવ્યા છે. ફૂડ વિભાગ દ્વારા જે વસ્તુઓના નમૂના લેવામાં આવ્યા છે, તેમાંથી ૨ નમૂના તપાસમાં ફેલ સાબિત થયા છે, જેને લઈને નેન્સી ગૃહ ઉદ્યોગને રૂપિયા ૭૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. આ સિવાય શહેરના અમૃત મુખવાસ પરાબજારમાંથી મીઠા મુખવાસના નમૂના લેવામાં આવ્યા છે, જેમાંથી પણ સિન્થેટિક કલરની ભેળસેળ નીકળી છે અને જેને લઈને ફૂડ વિભાગ કાર્યવાહી કરતા પેઢીના માલિકને રૂપિયા ૩૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ સિવાય શહેરમાં અન્ય જગ્યાએથી પણ ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા છે અને અખાદ્ય વસ્તુઓ મામલે કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ થોડા દિવસ પહેલા જ રાજકોટમાં મસાલા માર્કેટમાં આરોગ્ય વિભાગે ચેકીંગ હાથ ધર્યુ હતું. નાના મોવા પાસે શ્રીરામ મસાલા માર્કેટમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન મરચું, હળદર, અનાજ સહિતના નમૂના લેવામાં આવ્યા હતા. ફૂડ સેફટી વાન સાથે રાખીને મસાલાનું ટેસ્ટીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આરોગ્ય અધિકારીઓ દ્વારા સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. ૩૦થી વધુ સ્ટોલમાં આરોગ્ય વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અમલમાં સુગમતા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મહત્વપૂર્ણ નિર્ણયો

**(ગાંધીનગર માહિતી ખાતા દ્વારા)**

★ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂા.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

★ રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/- ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

★ વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

**સ્ટેમ્પ ડ્યુટી એક્ટની સુધારેલી જોગવાઈઓનો રાજ્યમાં ૧૦ એપ્રિલ, ૨૦૨૫થી અમલ થશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની જોગવાઈઓમાં જે સુધારા-વધારા કર્યા છે તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ આ મુજબ છે.

★ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે. ''

★ રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. ''

★ રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/ હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ''

★ વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. ''

★ ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે.''

★ તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. ''

★ એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે. ''

★ ગીરોખતના કિસ્સામાં જો બેંકો/ નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/ નાણાંકીય સંસ્થાઓની રહેશે. ''

★ ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. ''આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે.

વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL